
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62



એપ્રિલ-૨૦૧૭ અંક - ૪ વર્ષ ૫૪ સળંગઅંક ૪૪૦
માસિક કિંમત-૧ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂ.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

પંચોલી નવયુગ શુભેચ્છક

# ૩૬મી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી







**સ્વ. સોમીબેન હરકિશનદાસ પંચોલી**
**સ્વર્ગવાસ : સંવત ૨૦૩૭ના ચૈત્રસુદ ૧૨ ને ગુરૂવાર તા. ૧૬.૪.૧૯૮૧**

અંકલેશ્વર નિવાસી શ્રી રમણલાલ હરકિશનદાસ પંચોલી
તા. ૧૭.૧૧.૨૦૧૬ના દિવસે ૮૦માં વર્ષમાં મંગળ પ્રવેશ નિમિત્તે
**માતુશ્રી સોમીબેન તથા પિતાશ્રી હરકિશનદાસ મોતીરામ પંચોલીના સ્મરણાર્થે**
પંચોલી નવયુગ શુભેચ્છક સ્કીમમાં રૂા. ૧૫,૫૫૫/- આપ્યા છે..
તેમજ
શ્રીમતિ મંજુલાબેન અને શ્રી રમણભાઈ હરકિશનદાસ પંચોલીના અવસાન બાદ મળનાર
સમાજ સુરક્ષા યોજનાની સમગ્ર રકમ
**સ્વ. શૈલેષભાઈ રમણલાલ પંચોલી તથા સ્વ. વિનોદભાઈ રમણલાલ પંચોલીના સ્મરણાર્થે**
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને વિધવા સહાય તેમજ મેડીકલ સહાયમાં આપવાનો
સંકલ્પ કરીએ છીએ....

**અર્પણકર્તા**

સ્વ. શૈલેષભાઈ રમણલાલ પંચોલી
ગં.સ્વ. સોનલબેન શૈલેષકુમાર પંચોલી
ચિંતનકુમાર શૈલેષભાઈ પંચોલી
જલ્પા શૈલેષકુમાર પંચોલી

ગણેશપાર્ક, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
મો. ૮૯૮૦૦ ૩૦૯૬૯

શ્રી રમણલાલ હરકિશનદાસ પંચોલી
શ્રીમતિ મંજુલાબેન રમણલાલ પંચોલી
સ્વ. વિનોદકુમાર રમણલાલ પંચોલી
**ફીટવેલ ટેલર્સ**
હસ્તીતળાવ, ગુ.હા.બોર્ડ સામે, અંકલેશ્વર
મો. ૯૮૯૮૬ ૬૧૯૮૩

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

એપ્રિલ-૨૦૧૭

તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે, તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક રૂા. ૧૦/-**
**વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-**

## તંત્રી નોંધ.....

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો....

બોર્ડની પરીક્ષાઓ પુરી થશે અને સ્કૂલની પરીક્ષાઓ શરૂ થશે.. વિદ્યાર્થી મિત્રો સતત કરેલી મહેનત સફળતા અચુક અપાવે છે...સફળતાઓ માટેની શુભકામના સાથે

વિદ્યાર્થી મિત્રો શરૂ થતી HSC અને SSCની આપની પરીક્ષા સુખરૂપ સારી રીતે પતે અને સારા ક્રમાંકથી ઉત્તિર્ણ થાવ એવી હાર્દિક શુભેચ્છાઓ...

સહ દરેક કામયાબી પર તમારું નામ હશે..
તમારા દરેક કદમ પર દુનિયાના સલામ હશે..
મુશ્કેલીઓનો સામનો હિમ્મત થી કરજો...
ઉમ્મીદ છે એક દિવસ સમય પણ તમારો ગુલામ હશે..

વિદ્યાર્થી મિત્રો.. ધો.૯, SSC અને HSC પછી શું ? એ માટે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત સ્વ. સી.ટી. સ્મારક નિધિ વ્હાલા વિદ્યાર્થી મિત્રો માટે ધોરણ ૯ થી ધોરણ ૧૨ સુધી ભણતા દરેક વિદ્યાર્થી મિત્રો અને તેમના વાલીઓ માટે 'કેરીયર ગાઇડન્સ પ્રોગ્રામ' એજયુકેશનીસ્ટ અને કાઉન્સેલર ડો. રેખાબેન મિસ્ત્રીના નેજા હેઠળ તા. ૦૯-૦૪-૨૦૧૭ સુરત મુકામે અને તા. ૨૩-૦૪-૨૦૧૭ વડોદરા મુકામે રાખવામાં આવેલ છે જેમાં મોટી સંખ્યામાં ભાગ લેવા જ્ઞાતિજનોને વિનંતી કરૂ છું. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ આપણી પ્રગતિ માટે કેટલું વિચારે છે.. કેટલી મહેનત કરે છે... તો આપણ. સમય કાઢી આ તકનો લાભ લઇએ અને સી.ટી.સ્મારકનિધિના આ પ્રોગ્રામને સફળતા અપાવીએ...

વ્યારા એકમ મહામંડળના નેજા હેઠળ યુવા પરિચય મેળાનું પણ આયોજન કરી રહ્યું છે... આપણા દિકરા-દીકરીઓને પરણાવવાની ચિંતા પણ મહામંડળ કરતી હોય ત્યારે આપણે કેમ પાછા પડીએ..? આપણા પરણ્ણવા લાયક દિકરા-દીકરીઓને પ્રોત્સાહિત કરી આ પસંદગી મેળાનો પણ લાભ લઇએ... એમાં દીકરીઓને ખાસ સમજાવીએ... અને ફોર્મ ભરીએ... વધુમાં વધુ સમાજની દિકરીઓ આ મેળાનો લાભ લે એવી આશા રાખું છું..

# પ્રમુખ નોંધ.....

મનિષભાઇ એમ. પંચોલી - પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

વિદ્યાર્થી મિત્રો માટે પરીક્ષાની સીઝન... કેટલાક વિદ્યાર્થીઓની પરીક્ષા પૂર્ણતાના આરે તો કેટલાંક વદ્યાર્થીઓ ની પરીક્ષા શરૂ થવાની બાકી.... પરીક્ષા આપ્યા બાદ કયા ક્ષેત્રે આગળ વધવુ એ માટે ચીંતાનો વિષય .... વાલીઓની મુંઝવણ..... પરંતુ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત સ્વ. સી.ટી. સ્મારક નિધિ વ્હાલા વિદ્યાર્થી મિત્રો માટે ધોરણ ૯ થી ધોરણ ૧૨ સુધી ભણતા દરેક વિદ્યાર્થી મિત્રો અને તેમના વાલીઓ માટે 'કેરીયર ગાઇડન્સ પ્રોગ્રામ' એજયુકેશનીસ્ટ અને કાઉન્સેલર ડો. રેખાબેન મિસ્ત્રીના નેજા હેઠળ તા. ૦૯-૦૪-૨૦૧૭ સુરત મુકામે અને તા. ૨૩-૦૪-૨૦૧૭ વડોદરા મુકામે રાખવામાં આવેલ છે જેમાં મોટી સંખ્યામાં ભાગ લેવા જ્ઞાતિજનોને વિનંતી કરૂ છું. સુરત અને વડોદરા ની આસપાસના એકમોના હોદ્દેદારો પણ અંગત રસ લઇને વિદ્યાર્થીઓ અને વાલીઓને આ કેરીયર ગાઇડન્સ પ્રોગ્રામમાં આવવા માટે પ્રોત્સાહીત કરશો.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત અગાઉ યુવા પરિચય મેળાઓનું આયોજન કરવામાં આવેલ હતું તેમાં રહેલી ક્ષતિઓને ધ્યાનમાં લઇ વ્યારા મુકામે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા આયોજિત 'યુવા પરિચય મેળો' તા. ૨૮-૦૫-૨૦૧૭ નાં રોજ આયોજન કરેલ છે જેમાં નામ નોંધાવવાની તા. ૩૦-૦૪-૨૦૧૭ છે તો તેમાં જણાવેલ નોંધને ધ્યાને ધ્યાન માં લઇ વધુમાં વધુ ઉમેદવારો ભાગ લે તેવી વિનંતી કરૂ છું, ખાસ કરીને લગ્નની ઉંમરની થયેલ યુવતિઓ મોટી સંખ્યામાં આવે તે માટે દરેક યુવતિઓને વિનંતી કરૂ છું. આ યુવા પરિચય મેળો ત્યારે જ સફળ થશે કે દરેક એકમ માંથી યુવક -યુવતિઓ મોટી સંખ્યામાં આવે અને તે માટે દરેક એકમ સક્રિય થાય અને તેઓને આ મેળામાં હાજર રહેવા પ્રોત્સાહીત કરશે.

લગ્ન જીવન એ આપણી જીદગીનો મોટો ભાગ છે તેમાં દરેક યુવક-યુવતિઓને પોતાની જીંદગી જીવવા માટે ની ચોઇસ મળી રહે એ માટે એક જ સ્થળે બધા ભેગા થાય અને એ માટે વાલીઓના પ્રશ્નોનું નિરાકારણ થાય તે માટે આવા મેળા આવકાર્ય છે. સમય અને પૈસાની બચત, એક જ સ્થળે બધા ભેગા થાય અને એક-બીજાની ઓળખાણ થાય અને પરિચિત થઇએ અને લગ્ન જીવનમાં આગળ વધીએ આવો આપણે સૌ ભેગા મળી સમાજના આ મહાન કાર્યને સફળ બનાવીએ.

યુ.કે. નિવાસી શ્રી અશોકભાઇ પંચોલી તરફથી દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ તેમના વડીલોની સ્મૃતિમાં સ્વ. મણીબેન તથા સ્વ. કાંતિભાઇ તથા સ્વ. અંબેલાલ ઝીણાભાઇ પંચોલી મેડીકલ વ્યાજ વપરાશ ફંડ રૂા. ૨,૫૨,૨૫૧/- ના ફંડમાં રૂા. ૨૫,૧૦૧/- નો વધારો કરવામાં આવ્યો અને શૈક્ષણિક વ્યાજ વપરાશ ફંડ રૂા. ૫૧,૦૦૦/- છે તેમાં રૂા. ૨૫,૧૦૧/- નો વધારો કરવામાં આવ્યો. હું દાતાશ્રી અશોકભાઇ અને તેમના કુટુંબીજનોનો હાર્દિક આભાર માનુ છું જુના ફંડમાં વધારો કરી સમાજના એક માર્ગદર્શક બન્યા છે વ્યાજ નો દર દિવસે અને દિવસે ઓછો થતો જાય ત્યારે આવા દાતાઓ તરફથી તેમના ફંડમાં થતો વધારો એ સમાજના જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને પૂરતા પ્રમાણમાં સહાયરૂપ બની શકવાનો એક સુંદર અને અનુકરણિય પ્રયાસ છે જે આવકાર્ય છે હુ ફરી અશોકભાઇ તથા તેમના કુટુંબીજનોનો હાર્દિક આભાર માનુ છું અને આશા રાખુ છુ કે તેમના આ પ્રયાસે આગળને આગળ વધારશો એના માટે પ્રભુ એમને શકિત આપે.

વ્યારા મુકામે તા. ૨૮.૦૫.૨૦૧૭ના રોજ યુવા પરિચય મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તો ઉંમર લાયક યુવક યુવતિઓ આ તક ગુમાવશો નહીં.. અને મોટી સંખ્યામાં યુવક-યુવતિઓ ભાગ લે એવી વિનંતી..

નવયુવાન મિત્રો વડિલોને વિનંતી કરું છું કે આપણે સમાજને પાંચ વર્ષ માટે રૂા. ૧,૦૦૦/-, ૨,૦૦૦/- અને રૂા. ૫,૦૦૦/-નું દાન જ આપવાનું છે. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીએ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ.. જેમણે સ્વર્ણિમ ફંડમાં ૫ વર્ષ માટે રકમ નોંધાવી હોય તેમણે આ વર્ષની રકમ મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જમા કરાવવા વિનંતી. અસ્તુ.

# ભાવભીની શ્રદ્ધાંજલી



## સ્વ. સુરેશભાઈ ચુનીલાલ મિસ્ત્રી

જન્મ : ૧૦.૦૭.૧૯૪૪ સ્વર્ગવાસ ૦૮.૦૨.૨૦૧૭

રડી પડે છે આંખો અમારી જોઈને તસ્વીર તમારી
હરેક પ્રસંગે ખૂબ ખટકશે, ગેરહાજરી તમારી
ખોટ પડી છે પરિવારમાં, હવે કેમ કરી પુરાશે ?
તમારા વગર અમને કોણ માર્ગદર્શન આપશે ?
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર:શાંતિ અર્પે
એજ અમારા સૌની પ્રાર્થના...

### અર્પણકર્તા

ગં.સ્વ. નિરંજનાબેન સુરેશભાઈ મિસ્ત્રી

મિનેષભાઈ સુરેશભાઈ મિસ્ત્રી
જિજ્ઞાશાબેન મિનેષભાઈ મિસ્ત્રી
ચિ. યુકતા - ચિ. પ્રહર્ષ

હિરલભાઈ સુરેશભાઈ મિસ્ત્રી
કિમ્પલબેન હિરલભાઈ મિસ્ત્રી
ચિ. હર્ષિતા

ફ્લેટ-૪, 'શ્રેયશ' બિલ્ડીંગ, વીરા દેસાઈરોડ, અંધેરી(વેસ્ટ) મુંબઈ ૪૦૦ ૦૫૮
ફોન : ૯૩૨૪૩ ૭૮૬૦૯

**ચોથી પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી**

**૭૧મી વર્ષગાંઠની હાર્દિક શુભેચ્છાઓ**



**અ.સૌ. કલાવતીબેન રણજીતલાલ મિસ્ત્રી**
**જન્મ : ૨૦.૦૩.૧૯૪૮**
**સ્વ. : તા.૫.૪.૨૦૧૩**

જીવન એવું જીવ્યા કે
જીવવાનો ઉપદેશ મળે...




**અર્પણકર્તા**
નિલેશ રણજીતલાલ મિસ્ત્રી
રિતેશ રણજીતલાલ મિસ્ત્રી
૨/૯૨૯, હિરામોદીની શેરી, સગરામપુરા, સુરત



**શ્રી રણજીતલાલ ઝીણાભાઈ મિસ્ત્રી**
**જન્મ : ૨૧.૦૩.૧૯૪૬**
**મો. ૯૩૨૭૩ ૩૧૮૩૨**

# Saadi.Com



Name : **Gaurav**
Father : Late Gopalbhai Ramanlal Pancholi
Mother : Ranjanben
Birth Date : 04-11-1992 Hight : 5'.8" Weight : 65kg.
Native : kawant Mosal : Sankheda
Education : B.Pharm
Occupation : Job ( Medical Representatives)
Sister : 3 Married
Nitisha Rajeshkumar Pancholi-Vadodara
Darshana Gaurangkumar Pancholi-Surat
Bhavika Riteshkumar Pancholi-Vadodara
Address : A-204, Balaji Wnklec, Opp. BPS School, Kaladarsan Char Rasta, Waghodia Road, Vadodara
Contact No. : 89050 46611 / 99090 54380

# પ્રથમ પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી



## સ્વ. ધનગૌરીબેન ભોગીલાલ પંચોલી

સ્વર્ગવાસ ચૈત્રસુદ અગિયારસ, રવિવાર તા. ૧૭.૦૪.૨૦૧૬

હૃદય નથી માનતું તમારી જુદાઈ, આંખો નથી માનતી તમારી વિદાય,
હૃદયના એક ખૂણામાં હજી એક આશા બાકી છે... કે.. કયારેક તો તમો આવશો.. કયારેક તો તમો મળશો...
હે..માં તુ આજે પણ અમારા દિલમા છે.. તને ભુલી શકતા નથી..
બસ ! પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી હૃદયપૂર્વક
પ્રાર્થના સહ..... શ્રદ્ધાંજલી


## અર્પણકર્તા

શ્રી ભોગીલાલ નગીનદાસ પંચોલી

શ્રી મુકેશભાઇ ભોગીલાલ પંચોલી — શ્રીમતિ મમતા મુકેશભાઇ પંચોલી
શ્રી જયેશભાઇ ભોગીલાલ પંચોલી — શ્રીમતિ રાખી જયેશભાઇ પંચોલી
શ્રી ઉમેશભાઇ ભોગીલાલ પંચોલી — શ્રીમતિ વૈશાલી ઉમેશભાઇ પંચોલી
શ્રી નરેન્દ્રકુમાર મોહનલાલ પંચોલી — શ્રીમતિ ચંપાબેન નરેન્દ્રકુમાર પંચોલી
શ્રી પિંકલકુમાર સુરેશભાઇ પંચોલી — શ્રીમતિ પ્રિયંકા પિંકલકુમાર પંચોલી
શ્રી નિકુંજભાઇ જશભાઇ પંચોલી — શ્રીમતિ રોનિકા નિકુંજભાઇ પંચોલી
શ્રી ગૌરાંગ જયેશભાઇ પંચોલી — શ્રી રાહુલ જયેશભાઇ પંચોલી
શ્રી કાર્તિક મુકેશભાઇ પંચોલી — શ્રી જીગર ઉમેશભાઇ પંચોલી
કુ. પ્રાર્થી ઉમેશભાઇ પંચોલી — ચિ. હેત પિકલકમાર પંચોલી

---: સરનામુ :---
૧૧-૧૨, પાયલ એપાર્ટમેન્ટ, મેઈનરોડ, સગરામપુરા, સુરત તથા
B-૩/૨૦૧, સિલ્વર રેસીડન્સી, હનુમાનશેરી, સગરામપુરા, સુરત
મો. ૯૯૦૯૨ ૨૩૮૧૧/૯૯૨૫૭ ૯૫૪૬૯/૯૮૨૫૧ ૯૦૦૪૭

# હાર્દિક શ્રધ્ધાંજલિ



## સ્વ. વજુભાઈ મણીલાલ પંચોલી

**જન્મ : ૧૭-૧૨-૧૯૪૪ / સ્વર્ગવાસ : ૨૨-૩-૨૦૧૭**

●

જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે,
કેટલું નહિ કેવું જીવ્યા એ અગત્યનું છે,
આપનો દેહ તો વિલિન થયો છે
પરંતુ આત્માનો વિલય થયો નથી.
એવીજ રીતે અમારા હૃદયમાંથી
આપની સ્મૃતિ કદી વિસરાશે નહિ
આપાનો સ્નેહાળ, લાગણીભર્યો સ્વભાવ,
અમને હંમેશ માટે યાદ રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાશ્વત શાંતિ અર્પે
એ જ પ્રાર્થના

**:: શોકાતુર ::**

**ગં.સ્વ. નિર્મળાબેન વજુભાઈ પંચોલી**

**શૈલેષ વજુભાઈ પંચોલી**
**સેજલ શૈલેષ પંચોલી**
**જીનમ શૈલેષ પંચોલી**

**ધર્મેશ વજુભાઈ પંચોલી**
**જૈમિની ધર્મેશ પંચોલી**
**ક્રિપા ધર્મેશ પંચોલી**
**હેમ ધર્મેશ પંચોલી**

**મમતા દિલિપ પંચોલી**
**દિલિપ કૈશવલાલ પંચોલી**
**માયા જયંતભાઈ મિસ્ત્રી**
**જયંતભાઈ હિરાલાલ મિસ્ત્રી**
**અમી, જીમી, રાજ, પીન્ટુ, જેનિશ**

●

**મદનબેન ધીરજલાલ પંચોલી**
**કુસુમબેન રમેશલાલ પંચોલી**
**હેમુબેન અશોકકુમાર પંચોલી**
**પ્રફુલ્લભાઈ મણીલાલ પંચોલી**

**:: સ્થળ ::**

**''સીકો ટેલર્સ'' સુરતી બજાર, વ્યારા, જિ. તાપી. મો.નં. ૯૯૨૫૮૫૨૩૦૫, ૯૭૨૭૧૨૭૨૪૦**

## લગ્નજીવનની સુવર્ણ જયંતિએ હાર્દિક અભિનંદન..



**શ્રી જીતેન્દ્રભાઈ સી. પંચોલી**
**અ.સૌ. ઉષાબેન જે. પંચોલી**
**તા. ૧૪.૦૨.૨૦૧૭**

જીવનની પગદંડી પર સહજીવનના
પચાસ સોપાન પુરા કરી
એકાવનમાં સોપાન પર સહકદમ માંડતા
યુગલને પ્રસન્ન દાંમ્પત્યજીવનની
ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

### શુભેચ્છક

મેહુલ જીતેન્દ્રકુમાર પંચોલી
યોગિતા મેહુલ પંચોલી
ચિ. નિધિ મેહુલ પંચોલી

૧૦-ઈ/૩, ૧૦૦૭, ગ્રીન સીટી,
પાલ ભાઠા-સુરત

**ફર્મ**
**શ્રી નિધિ એસોસીએટ**
**નેચરલ સ્પા**

## હેપી બર્થડે....



**ચિ.પર્વ નિરવકુમાર પંચોલી**
**તા.૧૭.૦૩.૨૦૧૪**
ત્રીજી વર્ષગાંઠની શુભેચ્છાઓ સહ શુભાશિષ

શ્રી નરેશભાઇ જેઠાલાલ પંચોલી
શ્રીમતિ ઉષાબેન નરેશભાઇ પંચોલી
શ્રી નિરવકુમાર નરેશભાઇ પંચોલી
શ્રીમતિ દિપીકાબેન નિરવકુમાર પંચોલી
ચિ. અમિતકુમાર નરેશભાઇ પંચોલી
નિકુંજ ભુપેન્દ્રભાઇ મોદી

**શ્રી મારુતિ ટ્રેડીગ-ડેડીયાપાડા** મો. ૯૯૭૭૮ ૩૩૭૭૨

## પાંચમી વર્ષગાંઠની હાર્દિક શુભેચ્છાઓ...



**ચિ.સીયા રાકેશભાઈ પંચોલી**
**તા.૧૭.૦૪.૨૦૧૨**
ગં.સ્વ. ઉર્મિલાબેન શનાભાઈ પંચોલી
મહેશભાઈ એસ. પંચોલી અનિલાબેન એમ. પંચોલી
રાકેશભાઈ એમ. પંચોલી મેઘાબેન આર. પંચોલી
સચીનકુમાર મહેશભાઈ પંચોલી

જુના ટાવર, મુ.પો.તા. સંખેડા, જિ. છોટાઉદેપુર,
મો.૯૭૨૯૭ ૩૪૬૩૯

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત
શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા,આયોજીત

# -: યુવા પરિચય મેળો :-

**સ્થળ :- શ્રી પંચોલી જ્ઞાતિ સમાજની વાડી, જુના બસસ્ટેન્ડ પાસે,વ્યારા,જિ.તાપી.**
**ફોન નં. ૦૨૬૨૬-૨૨૦૪૯૦**
**તારીખ :- ૨૮.૦૫.૨૦૧૭ રવિવાર          સમય :- સવાર ૯.૦૦ કલાકે.**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત તથા શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા આયોજિત ''યુવા પરિચય મેળા'' નું આયોજન તા.૨૮.૦૫.૨૦૧૭ ના રવિવારના રોજ સવારે ૯ કલાકે શ્રી પંચોલી વાડી વ્યારા ખાતે કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા સમગ્ર પંચોલી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓને નીચે જણાવેલ વિગતોને ધ્યાનમાં લઇ ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે... દરેક એકમના હોદ્દેદારો આ અંગે સક્રિય બની પોતાના એકમના યુવક-યુવતીઓને આ મેળાનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

**: નોંધ :**

૧) ઉમેદવાર દીઠ **પ્રવેશ ફી ૧૦૦**/- તથા સાથે આવનાર **વાલીઓની વ્યકિત દીઠ ફી રૂ. રૂ. ૧૫૦**/- રાખવામાં આવી છે.

૨) **તા. ૩૦.૦૪.૨૦૧૭** સુધીમાં **ઉમેદવારનું ફોર્મ** તથા **ઉમેદવારની ફી** તથા ઉમેદવાર સાથે આવનાર વાલીઓની ફી **વ્યારા એકમ**માં મોકલવાની રહેશે.

૩) ભાગ લેવા માંગતા ઉમેદવારની **શૈક્ષણિક લાયકાત** ઓછામાં ઓછું **ધો. ૧૨ પાસ અથવા આઇ.ટી.આઇ., ડિપ્લોમા તથા કોઇપણ સ્નાતક થયેલ કે તેથી વધુ અભ્યાસ** હોવો જરૂરી છે.

૪) ઉમેદવારો પોતાના વર્તમાન **પાસપોર્ટ સાઇઝના ફોટા નંગ-૨**, તથા તેમના **અભ્યાસના પ્રમાણપત્ર**ના પુરાવા ફોર્મ સાથે મોકલવાના રહેશે.

## પત્ર વ્યવહાર અને ફોર્મ મોકલવાનું સ્થળ

શ્રી પંચોલી સમાજની વાડી, જુના બસસ્ટેન્ડ પાસે, વ્યારા,જી.તાપી-૩૯૪ ૬૫૦
ફોન નં.૦૨૬૨૬-૨૨૦૪૯૦

પ્રમુખ : શ્રી હિતેશભાઇ પી. ગાંધી
મો.નં. : ૯૮૨૫૨ ૧૩૬૪૫
ઉપપ્રમુખ : શ્રી નવિનભાઇ વી. પંચોલી
મો.નં. : ૯૮૭૯૩ ૫૧૦૧૦
મંત્રી : શ્રી દિવ્યેશ કે. પંચોલી
મો.નં. : ૯૯૧૩૨ ૪૯૭૩૮
સહમંત્રી : શ્રી અંકિત એચ. પંચોલી
મો.નં. : ૯૭૧૨૫ ૧૨૩૩૩
શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા

પ્રમુખ : શ્રી મનિષભાઇ એમ. પંચોલી
મો.નં. : ૯૮૨૫૨ ૭૫૦૨૩
મહામંત્રી : શ્રી રાજેશભાઇ ડી. પંચોલી
મો.નં. : ૯૮૭૯૫ ૪૭૪૬૯
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત

શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા,આયોજીત

# -: યુવા પરિચય મેળો :-

સ્થળ :- શ્રી પંચોલી જ્ઞાતિ સમાજની વાડી, જુના બસસ્ટેન્ડ પાસે,વ્યારા,જિ.તાપી.

ફોન નં. ૦૨૬૨૬-૨૨૦૪૯૦

તારીખ :- ૨૮.૦૫.૨૦૧૭ રવિવાર     સમય :- સવાર ૯.૦૦ કલાકે.

ઉમેદવારનો ફોટો

## પ્રવેશપત્ર

૧) ઉમેદવારનું પુરેપુરૂ નામ : ..........................................................................................

૨) જન્મ તારીખ : ............................... જન્મ સમય : ................. જન્મ સ્થળ : .......................

૩) ઉંચાઇ : .................... વજન : ................ બ્લડગ્રૂપ : ............. મંગળ/શનિ : .....................

૪) શૈક્ષણિક લાયકાત :......................................... અભ્યાસ ચાલુ /પુર્ણ : .................................

૫) ઉમેદવારનો વ્યવસાય/ધંધો/ખાનગીનોકરી/સરકારી નોકરી : ...............................................................

૭) ધંધો/નોકરી કરતા ઑફિસનું નામ અથવા સરનામું : ......................................................................

૮) ઉમેદવારની માસિક આવક રૂા. : ..........................................................................................

૯) કુંવારા/છુટાછેડા/વિધુર/ વિધવા છો ? ......................................................................

૧૦) પિતાનું નામ : .......................................................................................................

૧૧) માતાનું નામ : .....................................................................................................

૧૧) રહેઠાણનું સરનામું : ...............................................................................................

૧૨) કુટુંબના સભ્યો : બેન :................ પરણિત : ...................... અપરણિત : ....................

ભાઇ :............... પરણિત : ...................... અપરણિત : ....................

૧૩) અન્ય વિગત : .......................................................................................................

૧૪) આ સાથે રંગીન પાસપોર્ટ સાઇઝના ફોટા નં. ૨ (પાછળના ભાગે નામ લખી) મોકલું છું.

આથી હું ખાત્રી આપુ છું કે ઉમેદવારી તરીકે હું સંમેલન સ્થળે અચૂક હાજર રહીશ તથા મારો બેજ નંબર દેખાય તે રીતે ધારણ કરી રાખીશ.

૧૫) અમારા વિવાહિક સંબંધ થયાની વિગતવાર જાણ હું પંચોલી જ્ઞાતિ સમાજ,વ્યારાને જરૂરથી કરીશ તેની ખાત્રી આપું છું.

સ્થળ :

તારીખ :

વાલીની સહી     ઉમેદવારની સહી.

# સંખેડા પંચોલી સમાજ, નૂતન વાડી
# વાસ્તુ પૂજન – ઉદ્દ્ઘાટન

સંખેડા પંચોલી સમાજ ૨૦૦ વર્ષ જુની હતી. જેને સંપૂર્ણ આર.સી.સી.ની બનાવી છે. હજુ થોડુ બાંધકામ બાકી છે. પ્રથમ ૧૦ લાખ રૂપિયાનો ખર્ચ આગળના ભાગનો કરવાનો હતો. પરંતુ અતી જુની વાડી હોવાથી સંપૂર્ણ જમીન દોસ્ત કરવી પડી જેનો અંદાજીત ખર્ચ ૩૦ લાખ રૂપિયા થવા જઇ રહ્યો છે. તો તમામ એકમના સહકારની અપેક્ષા સહ આપણું સુત્ર 'હમ સબ પંચોલી એક હૈ' સાર્થક બને. જે માટે દાતાઓ પાસે અપેક્ષા રાખીએ છીએ..

હાલ સંખેડાના મુખ્ય યજમાન તથા બીજા ચાર યજમાનોએ હવનમાં બેસવાની ઇચ્છા દર્શાવી છે. બાકીના જે કોઇ જ્ઞાતિજનોએ હવનમાં બેસવાની ઇચ્છા ધરાવતા હોય તેમણે પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીનો સંપર્ક કરવો.

વાસ્તુપૂજનના ભોજન સમારંભની સ્પોન્સરશીપ આવકાર્ય છે. પાલ વિભાગનો આ એક મોટો પોગ્રામ છે. તો દરેક એકમોએ ઉપસ્થિત રહેવા વિનંતી...

આપનું દાન એકાઉન્ટ નં. ૨૨૮૨૮ નાગરિક સહકારી બેંકના ખાતાનો ચેક આપવા વિનંતી..

છેલ્લા પાંચ વર્ષથી પા પા પગલી કરતા પાલવિભાગની વાડીનું સ્વપ્ન સાકાર થવા જઇ રહ્યું છે ત્યારે આ સમારંભને સફળ બનાવવા સહભાગી બનશો...

શ્રી ચંદ્રકાંતભાઇ ચંદુભાઇ પંચોલી-પ્રમુખ મો. ૯૦૯૯૮ ૧૨૯૯૨
શ્રી દિલીપભાઇ બાબુભાઇ પંચોલી-મંત્રી મો. ૯૭૨૭૯ ૩૩૯૯૫
શ્રી કિશન(ગોપાલ)ભાઇ અંબાલાલ પંચોલી-કન્વીનર મો. ૯૩૨૮૨ ૧૧૫૨૮
પંચોલી સમાજ સંખેડા (પાલ વિભાગ)



**સ્વ. કાન્તિલાલ ગાંડાભાઇ મોદી**
**જન્મ તા. ૨૩.૧૦.૧૯૨૯**
**સ્વર્ગવાસ તા. ૧૪.૦૩. ૨૦૧૭**

# શ્રધ્ધાંજલી

આપનો માયાળુ નિ:સ્વાર્થ મિલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના, પ્રેમ, દિર્ઘ દ્રષ્ટિ અને ધાર્મિક વૃત્તિ આપના સમગ્ર જીવનમાં કામ પ્રત્યે કર્તવ્ય નિષ્ઠા, તનતોડ મહેનત કરવાના આપના આદર્ક ગુણો વિસરી શકાય એમ નથી.. આપ લીલી સંસારવાડી મુકી દત્તશરણ થયા પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને ચિર:શાંતિ અર્પે તથા આપના દર્શાવેલ પરમપથ પર પદાર્પણ કરવાની અમો સહને શકિત અર્પે એજ પ્રાર્થના...

## અર્પણકર્તા

ભરતકુમાર કાંતિલાલ મોદી
ગીતાબેન ભરતકુમાર મોદી
સુમિત ભરતકુમાર મોદી

બી-૫૦૩, પ્રેમ રેસીડન્સી,
લુન્સીકુઇ, નવસારી
મો. ૯૮૨૫૧ ૯૪૬૭૩

બાબુભાઇ કાંતિલાલ મોદી
રેણુકાબેન બાબુભાઇ મોદી
નયનકુમાર બાબુભાઇ મોદી

૩૦૪/૨, બોદાલીયા બિલ્ડીંગ,
એસ.ટી.ડેપો. નવસારી
મો. ૯૯૭૪૭ ૩૩૭૮૦

દીપિકા વિલીસકુમાર ગાંધી
વિલીસકુમાર મધુકાંત ગાંધી
ચિ. તીશા વિલીસકુમાર ગાંધી

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત સ્વયં-સુરત દ્વારા આયોજીત
## સમાજપિતા સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી
## તથા સ્વ. લલિતાબેન છગનલાલ મિસ્ત્રી
## (હ. શ્રીમતિ ભારતીબેન-હેમંતભાઈ મિસ્ત્રી-સુરત)
## સ્મૃતિ દ્વિતિય અધિવેશન



# ઉડાન - ૨૦૧૭



**તારીખ : ૧૯ ફેબ્રુઆરી - ૨૦૧૭**

**સમય : સવારે ૯.૦૦ થી બપોરે ૩.૦૦**

**સ્થળ : દક્ષિણ ગુજરાત યુનીવર્સિટી કન્વેશન હોલ, ઉધના મગદલ્લારોડ સુરત**

વર્ષ ૨૦૧૫ની ૧૦ મે ના રોજ યુવા અધિવેશન ઉડાન ૨૦૧૫ના સફળ આયોજન બાદ સ્વયં સુરત દ્વારા ફરી તા. ૧૯.૦૨.૨૦૧૭ના રોજ બીજા યુવા અધિવેશન ઉડાન-૨૦૧૭ની જાહેરાત કરવામાં આવી હતી.

સ્વયં સુરતે પોતાની મળેલ મિટિંગોમાં અધિવેશન ચોક્કસ થીમ બેઝ કરવાનું નક્કી કર્યુ અને થીમ નક્કી થઇ ‘ફેમીલી’. થીમ નક્કી કર્યા બાદનું કામ હતું એવા કી-નોટ સ્પીકર શોધવા કે જેના નામથી જ ઉડાનમાં આવવાનું મન થાય અને અનેક નામોની ચર્ચા બાદ કાજલ ઓઝા વૈદ્ય આવે તો કેવું ? એમ વિચારી મૃદુતાએ કાજલબેન સાથે પત્રવ્હેવાર ચાલુ કર્યો અને સફળતા મળતા જ સૌને કાર્ય કરવાનો ઉત્સાહ બેવડાયો.

હવે મુખ્ય કાર્ય હતું ફાયનાન્સ, જે માટે અમોએ સુરતના હેમંતભાઇને જવાબદારી સોપી સાથે સુરત પંચ પ્રમુખ મુકેશભાઇ પંચોલી, કમલેશભાઇ ગજ્જર, ઉમેશભાઇ પંચોલી અને નિશીકાંતભાઇની નિમણૂંક કરી. પ્રથમ મિટિંગમાં બહારથી જાહેરાત લાવવી, મુખ્ય સ્પોન્સર, વેન્યુ સ્પોન્સર, ભોજન, ચ્હા-નાસ્તા સ્પોન્સર જેવા માધ્યમોથી ફંડ એકત્ર કરવાનું નક્કી કરાયું.

નિશીકાંતભાઇએ એકલા હાથે વેન્યુની તમામ જવાબદારી લીધી. એન્કરીંગની જવાબદારી ધવલભાઇ અને સંગીતાબેને લીધી.. પછી તો લોગ જુડતે ગયે કારવા બનતા ગયા... પંચોલી પંચ સુરત અને મહામંડળ તરફથી ગાઇડન્સ મળતુ રહ્યું. પંચના સભ્યોએ પાસવિતરણ, ડેસ કાઉન્ટર અને ભોજન વ્યવસ્થામાં સક્રિય સહકાર આપ્યો.

પછીનો ઇતિહાસ જાણીતો છે.. નવસારીના પ્રણવભાઇ પંચોલીએ અતિથિવિશેષ માટેનું આમંત્રણ સ્વીકાર્યુ. મુંબઇના શ્રી જીગરભાઇ જે. મિસ્ત્રીએ સમારંભના પ્રમુખશ્રી તરીકેનું આમંત્રણ સ્વીકાર્યુ. સાથે સાથે શ્રીમતિ હિરલબેન નિલેશભાઇ પંચોલી-મુંબઇ, ગિરીશચંદ્ર ગજ્જરને ત્યાંથી શ્રીમતિ હેતલબેન કેતનભાઇ ગજ્જર અને શ્રીમતિ પંક્તિબેન જીગરભાઇ ગજ્જર, ડૉ. મેહુલભાઇ પંચોલીના ધર્મપત્ની ડૉ. અર્પણાબેને અતિથિવિશેષ માટે સહર્ષ આમંત્રણ સ્વીકાર્યુ. બાલકૃષ્ણભાઇ જરીવાલા ફેમીલી અને હિમાંશુભાઇ અને કમલેશભાઇ ગજ્જર ફેમીલીએ સામેથી વેન્યુ સ્પોન્સરશીપ આપી. સુરતના શ્રીમતિ ભારતીબેન અને શ્રી હેમંતભાઇ છગનલાલ મિસ્ત્રી તરફથી મુખ્ય સ્પોન્સરશીપ મળી. આમ એક પછી એક દાન મળતા ગયા અને અમારા ઉત્સાહમાં વધારો થતો ગયો..

વડોદરા, સુરત, વ્યારા અને બીલીમોરા એકમમાંથી સાંસ્કૃતિક એન્ટ્રીઓ મળી. સમગ્ર કાર્યક્રમને આખરી ઓપ આપ્યા બાદ જે દિવસની આતુરતાથી રાહ જોતા હતા તે તા.૧૯.૦૨.૨૦૧૭નો દિવસ આવી ગયો.

સ્વયંની ટીમ તૈયારીમાં મંડી પડી.. રાત્રે ૧૧ કલાક સુધી તૈયારી કરી અને સવારે ૫.૦૦ કલાકે ફરી હોલ પર આવી ગયા.. હિરેન અને તેની ટીમે સુંદર ફુલોની રંગોળી બનાવી.. બાકીના સભ્યોએ હોલમાં પોતાનું કાર્ય શરૂ કર્યુ. તમામ આમંત્રીતો અને દાતાઓને તથા મહામંડળના હોદ્દેદારો અને પંચના હોદ્દારોને સજોડે બેઠક વ્યવસ્થા આ વર્ષે પણ સ્વયંમે જાળવતા તેઓના નામના સ્ટીકરો સીટ પર લગાવ્યા. હવે અમો ને ઈંતેજારી હતી જ્ઞાતિજનોના આગમનની..







સવારે ૭ વાગ્યે મનોજભાઇ ગજ્જર, અમૃતભાઇ મહેતા, હેમંતભાઇ જરીવાલા, દક્ષયભાઇ ગજ્જરે પાસના કાઉન્ટર સંભાળી લીધા. સંજયભાઇ જરીવાલા, રોહન અને મંયકે ચ્હા-નાસ્તાના કાઉન્ટરની વ્યવસ્થા સંભાળી લીધી. બરાબર ૮ વાગ્યે ચ્હા-નાસ્તાની શરૂઆત સાથે ઉડાન ૨૦૧૭ની શરૂઆત થઇ અને ૮.૩૦ વાગતા સુધીમાં તો અન્ય એકમોમાંથી જ્ઞાતિજનો આવવા લાગ્યા..

૯.૩૦ કલાકે એક અલગ રીતે ગયા સમયના એન્કર ડો. શ્વેતા મિસ્ત્રીના વોઇસ બાદ તુને મારી એન્ટ્રી ઓર દિલમે બજી ઘંટીના ગીત સાથે એન્કર ધવલભાઇ અને સંગીતાબેન ગજ્જરની સ્ટેજ પર એન્ટ્રી સાથે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો.

સૌ પ્રથમ સમારંભના મહાનુભાવોને સ્ટેજ પર બોલાવી તેઓનું સ્થાન ગ્રહણ કરાવ્યુ. સ્વયં સુરત તથા મહામંડળના અધ્યક્ષા શ્રીમતિ મૃદુતા પંચોલીએ તેઓનું સ્વાગત પ્રવચન આપતા ઉડાન-૨૦૧૫ તથા ઉડાન-૨૦૧૭ના શુભારંભની રૂપરેખા આપી. મહામંડળ અને હાજર રહેલ તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ અને ઉડાનમાં સહકાર આપનાર તમામનો આભાર વ્યકત કર્યો.

પરંપરા અનુસાર સ્ટેજ પર હાજર તમામ મહાનુભાવો પાસે દિપપ્રાકટય દ્વારા સમારંભની શરૂઆત કરવામાં આવી. તમામ મહાનુભાવોનું સ્વયં ટીમ દ્વારા ભેટ આપી સ્વાગત કરવામાં આવ્યું.

સારા કામમાં સૌ વિઘ્ન આવે એ વાત સાચી પડતી દેખાય.. તા. ૧૮.૦૨.૨૦૧૭ના રોજ સમાચાર મળ્યા કે કિ-નોટ સ્પીકર અને સમારંભના મુખ્ય આકર્ષણ એવા કાજલ ઓઝા વૈદ્યને તેઓના ઘરના અંગત સભ્યના અશુભ પ્રસંગની વિધિમાં ભાગ લેવાનો હોય આવવુ કદાચ શકય ન બને ? અથવા તેઓનો સમય બદલવો પડે... તેઓ સાથે સતત સંપર્કમાં રહી સવારની બપોર અને બપોરની સવાર એમ લીકવીડ ટાઇમ ઝોનમાં તેઓના અનુકુળ સમય સ્લોટ આપીને પ્રસંગ સાચવી લીધો...શ્રીમતિ મૃદુતા પ્રતિક પંચોલીએ અને આવા સમયે પણ પોતાનું કમીટમેન્ટ સાચવ્યું કાજલ ઓઝા વૈદ્ય એ..બન્ને જણા માટે હેટસ ઓફ...

૧૦.૦૦ કલાકે કાજલ ઓઝા વૈદ્યના આગમનની જાણ થતા મૃદુતા, હેમંતભાઇ તથા મુકેશભાઇ પંચોલીએ તેઓનું સ્વાગત કરી હોલમાં લઇ આવ્યા... અને ધવલભાઇએ ડાયસ પરથી તેમને આવકાર્યા... સમગ્ર હોલે તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા.

કાજલબેન સાથે વાત કરતાં તેઓએ ગણેશવંદના બાદ તેઓનું વ્યકતવ્ય આપશે એમ જણાવતાં સુરત સ્વયંના સભ્યોએ સુંદર ગણેશવંદના રજુ કરી.. અત્યંત સુંદર રજુઆતને કાજલબેને માણી અને વખાણી પણ..

શ્રીમતિ બિન્ની સ્વપ્નીલ પંચોલીએ કાજલબેનનો પરિચય આપ્યો.. ત્યારબાદ સ્ટેજ કાજલબેનને સોંપી દેવામાં આવ્યું.. વિસમ પરિસ્થિતિમાં પણ કાજલબેનની ૫૫ મિનિટની સ્પીચ હોલમાં હાજર રહેલ તમામે મન ભરીને માણી અને વખાણી...વારંવાર તાળીઓથી તેઓને વધાવતા રહ્યા.. કાજલબેનને અન્ય કાર્ય હોવા છતાં તેઓએ સમાજના ભાઇ-બહેનોને પોતાના ઓટોગ્રાફ અને ફોટોગ્રાફનો લાભ આપ્યો...

મહામંડળના પ્રમુખ શ્રી મનિષભાઇ પંચોલીએ પોતાના વ્યકતવ્યમાં જણાવ્યું કે મહામંડળનું સુકાન સંભાળ્યુ ત્યારે મહિલા મંડળ અને યુવા મોરચે કાર્ય થાય એવી અપેક્ષા હતી જેમાં મૃદુતા અને સ્વયંની ટીમે બે સફળ અધિવેશન યોજી પોતાની કાર્યક્ષમતા પુરવાર કર્યા છે. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ વતી રૂા. ૨૫,૦૦૦/-ની ભેટ સ્વયં સુરતને આપી હતી.

મુંબઇના વતની અને સમારંભના પ્રમુખ શ્રી જીગરભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રીએ યુવકો માટે ખૂબ જ મનનીય સ્પીચ આપી. ગુજરાતી ભાષાની તકલીફ હોવા છતા તેઓએ તમામ બાબતો ગુજરાતીમાં સમજાવી યુવાને પ્રેરણા આપી.. શ્રી જીગરભાઇ H.S.B.C.(BANK)ના ડાયરેકટરને સૌએ તાળીઓથી વધાવ્યા.

સમારંભના મુખ્ય સ્પોન્સર હેમંતભાઇ સી. મિસ્ત્રીએ

પોતાના ટુંકા વ્યકતવ્યમાં ઉડાન-૨૦૧૭ માટે સ્વયં ટીમને અભિનંદન આપ્યા. અને હવે પછીનું ઉડાન અન્ય એકમ કરે એવી શુભેચ્છાઓ પાઠવી. તેઓએ સમાજપિતા સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રીની ૪૦મી પૂણ્યતિથિ નિમિત્તે રૂા. ૪૦,૦૦૦/-નું માતબર ડોનેશન જાહેર કર્યુ. ગુજરાતી ટીવી અને ફિલ્મી કલાકાર દલપતભાઇ પરમારે પોતાના આગવા અંદાઝમાં ૩૦ મિનિટ સુધી હાજર રહેલ શ્રોતાઓને હાસ્યથી તરબોળ કરી દીધા.

૧૨.૨૦ કલાકે થી ૧.૩૦ મિનિટ સુધી બપોરનું જમણ માટે વિરામ જાહેર કરાયો....

સુરતના જમણનો આસ્વાદ લઇ બપોર ૧.૩૦ કલાકે ફરી હોલમાં જ્ઞાતિજનોએ પોતાનું સ્થાન લઇ લીધું.. અગાઉના પ્લાન મુજબ હેમંતભાઇ મિસ્ત્રીએ જાહેરાત મુજબ લકી ડ્રો કર્યો જેમાં વિનરને રૂા. ૫૦ કેશબેક કર્યા.. ઉપરોક્ત લકી ડ્રોમાં મહામંડળ પ્રમુખ શ્રી મનિષભાઇ, ભરતભાઇ, જીગરભાઇ, હિરલબેન, મુકેશભાઇ પંચોલી તથા ધવલભાઇ પંચોલીએ વિનર નંબરો સીલેકટ કર્યા...

સમાજની યુવા પ્રતિભાઓ કે જેઓનું કયારેય સન્માન ન થયું હોય તથા નવયુગ અને ન્યુઝ પેપરને ધ્યાનમાં લઇ રાજ્ય, નેશનલ અને વર્લ્ડ લેવલે એચીવમેન્ટ મેળવનારને સન્માનવામાં આવ્યા. વર્લ્ડ લેવલે મેડલ મેળવનાર કવીશ જીગર મિસ્ત્રી, નેશનલ લેવલે સન્માનિત થનાર પાર્થ પંચોલી, રાજ્ય લેવલે ગોલ્ડ મેડલ મેળવનાર માનસી પંચોલી તથા ક્રિકેટ રનર અપ વડોદરા તથા ચેમ્પીઅન સુરત ટીમ પ્રતિનિધિનુ સન્માન કરવામાં આવ્યું. સુરતની સૌથી મોટી ટેકનોકેટની સંસ્થા આઇ.સી.ઇ. એ દ્વારા લાઇફ ટાઇમ એચીવમેન્ટ મેળવનાર નિશિકાંતભાઇ મિસ્ત્રીનું સન્માન પ્રમુખશ્રી મનિષભાઇએ કર્યુ.

વડોદરા, વ્યારા, સુરત, બીલીમોરા એકમોએ પોતાની કૃતિઓ રજુ કરી જેમાં વડોદરાના પાર્થે સુંદર વાંસળીવાદન દ્વારા સૌને મંત્રમુગ્ધ કરી લીધા. વ્યારા સ્વર ગ્રુપ દ્વારા સ્ત્રી-સશકિતકરણનો મેસેજ આપતી સુંદર કૃતિ રજુ કરી. બિલીમોરા સ્વયં ગ્રુપે પ્રથમવાર સુંદર ધમાકેદાર એન્ટ્રી રજુ કરી વાહ વાહ મેળવી ગયા.. સુરતના યુવાનોએ માતા-પિતાનો પ્રેમ તાદ્દસ કરાવતી અત્યંત ભાવુક કૃતિ રજુ કરી શ્રોતાઓની આંખ ભીની કરી.. ખરેખર તમામ યુવાનોની મહેનત પ્રસંશનીય રહી..

અંતે ૩.૦૦ કલાકે શ્રી પ્રતિક પ્રફુલભાઇ પંચોલીએ ઉડાન-૨૦૧૭ના દાતાઓ, કાર્યકર્તાઓ અને સંકળાયેલ તમામનો આભાર માન્યો. ૩.૦૩ કલાકે સૌએ પોતાની જગ્યાએ ઉભા થઇ રાષ્ટ્રગીતને સન્માન આપ્યું. સ્વયં ઉડાનને સંગીતના તાલે સ્ટેજ પર ઉજવણી કરી જેમાં પંચના પ્રમુખ મુકેશભાઇ, હેમંતભાઇ, મહામંડળના પ્રમુખ મનિષભાઇ સહિત સૌએ ભાગ લીધો..

બપોરે ૩.૧૫ કલાકે ચ્હાને ન્યાય આપી ફરી મળવાની શુભેચ્છા સાથે સૌ છુટા પડયા.

**ઉડાન ૨૦૧૭ની હાઇલાઇટ :**

- પ્રવેશ દ્વારે વિશાળ રંગોલી,
- કિ-નોટ સ્પીકર કાજલ ઓઝા વૈદ્યની સ્પીચ, એમ.ઓ.સીની પરફેકટ સમય મર્યાદા,
- વુડલેન્ડ દ્વારા સ્વાદિષ્ટ ભોજન
- સ્વયં સુરત અને પંચના કાર્યકર્તાઓનું અદભુત મેનેજમેન્ટ કે જેમાં ૬૦ મિનિટમાં ૭૮૦ વ્યકિતને ધકકા-મુકકી વિના જમાડયા.
- સૌ પ્રથમવાર સમય મર્યાદા પહેલા હાઉસફુલ બુકિંગ.
- એકમોની અત્યંત સુંદર રજુઆત....

---

અનુસંધાન પેજ નં. ૧૮થી ચાલુ

કોણ છે ? શું કામ છે ? સાહેબ હજી તમે મને ન ઓળખ્યો ? કોણ ? હું.. સાહેબ આપણી ઓફિસમાં કામ કરતો મનસુખ.. આપણે પેલા થીયેટરમાં મળેલા. મને છીંક.. પણ સાચું કહું સાહેબ મને શરદી નથી. તો નથી મારે શું ? જાવ નાકે ડોકટર દાંડેકર છે તેને બતાવો.. અહીં શું છે ? ના સાહેબ મને શરદી નથી.. તેથી મારે શું જાવ ડોકટર પાસે મારો જીવ શાને ખાવ છો. ઘરે જાવ અને ઠંડા ગરમ પાણીએ નાહી લો... અને સારા ડોકટરને બતાવો ને નાકની સાથે સાથે તમારા મગજની સારવાર પણ કરાવજો.. મનસુખ ગુસ્સે થઇ કહે.. સાહેબ તમે મને શું સમજી બેઠા છો ? અમે નાના માણસ એટલે તમારે અમને દબાવવાના. શું અમારો છીંક ખાવાનો પણ હકક નથી. છીંક ખાય એટલે પાગલ ! અમે પાગલ એટલે ડોકટર પાસે જવાનું. ઠંડા પાણીએ નાહી નાંખવાનું. તમે સાહેબ થયા એટલે નાના માણસોએ ન બોલવાનું.. એ નહીં ચાલે.. (ત્યાં સાહેબે એને કાંઠલેથી પકડી ઉંચકી ભોંય પર પછાડે છે.. ઓ.. ઓ.. કરતાં ચીસ પાડતો મનસુખ ધડામ કરતાં ખાટલેથી ભોંય પર પટકાયો અને જાગી ગયો.. પત્ની ચીસ પાડી દોડી આવી.. શું થયું ? શું થયું ? અને મનસુખ મો વકાસી પત્ની સામે જોઇ રહ્યો ને બબડાટ કર્યો....મારું પ્રમોશન ? ? ?

# પંચોલી સેવા સમાજ મહામંડળ
# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના
# સને ૨૦૧૭-૧૮

**આ યોજનાનો હેતું :-** સદર યોજનાના સભ્યના અણધાર્યા અવસાન સમયે કુટુંબને જે આર્થિક આપત્તિ આવી પડે છે તેમાં સહાયરૂપ થવું.

**સભ્યપદ :-** ❖ સદર યોજનામાં ૪૦ વર્ષ સુધી વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. ત્યારબાદ મૃત્યુ સુધી સભ્યપદ ચાલુ રહેશે. મૃત્યુબાદ જ વારસદારને રકમ ચુકવવામાં આવશે. ❖ પંચોલી જ્ઞાતિ સમાજના ૩ થી ૫૦ વર્ષની ઉંમરના કોઇપણ સ્ત્રી કે પુરૂષ સદર યોજનાના સભ્ય થઇ શકશે. ❖ ઉંમરના પુરાવા માટે જન્મ તારીખનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા આ બન્ને ઉપલબ્ધ ન હોય તો એફીડેવીટ સ્વીકારવામાં આવશે.

**વાર્ષિક ફાળો :-** ❖ દર વર્ષે એપ્રિલ માસમાં પંચોલી નવયુગના અંકમાં આગલા વર્ષના મૃત્યુ પ્રમાણે ભરવાની રકમ જાહેર કરવામાં આવશે. કોઈપણ ૧ થી ૪ વ્યકિતના મરણ થાય તો ઓછામાં ઓછા રૂા. ૧૦૦ વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. ❖ મૃત્યુ દર પાંચ કે તેની ઉપર થતા મૃત્યુ દીઠ રૂા. ૨૫ પ્રમાણે વાર્ષિક ફાળો આપવાનો રહેશે. દા.ત. : ૭ મરણ થાય તો ૭ × ૨૫ = ૧૭૫ આપવાના થાય. મૃત્યુદીઠ રૂા. ૨૫ માંથી રૂા. ૨૦/- સભ્યની સહાયમાં વપરાશે તથા રૂા. ૫/- સ્થાયીફંડમાં જમા થશે.

**આ વર્ષે વાર્ષિક ફાળો સભ્ય દીઠ રૂા. ૧૭૫/- ભરવાના રહેશે જેની નોંધ લેવી.**

**❖ વાર્ષિક ફાળાની રકમ દર વર્ષે ૩૧ મે સુધીમાં જમા કરાવવાની રહેશે. જુન માસમાં રૂા. ૧૦/- લેઈટ ફી તથા જુલાઈ માસમાં રૂા. ૨૦/- લેઈટ ફી વધારાના આપવાના રહેશે. તા. ૩૧ જુલાઈ સુધીમાં વાર્ષિક ફાળો ન જમા કરાવનારનું સભ્યપદ રદ કરવામાં આવશે.**

❖ સભ્યના અવસાન સમયે સભ્યોની સંખ્યાના ગુણાંકમાં રૂા. ૨૦/-પ્રમાણે સહાય આપવામાં આવશે. દા.ત. ૧,૪૦૦ સભ્યો હોય તો ૨૮,૦૦૦ સહાય મળશે. ❖ અકસ્માતથી મરણ થતા સમાજ સુરક્ષા યોજનાની સહાય ઉપરાંત અકસ્માત વિમાની રકમનો લાભ પણ મળશે.

**❖ હૃદયના વાલ્વની બિમારી, કિડનીની બિમારી, કેન્સર, બાયપાસ કરેલ દર્દી, એઈડ્સ્ કે અન્ય ગંભીર બિમારીથી પીડાતી વ્યકિત આ યોજનામાં જોડાઈ શકશે નહી. નવા જોડાનાર સભ્યએ અરજીપત્રકમાં છેલ્લા ૨ વર્ષથી કોઈ ગંભીર બિમારીમાં પડયા નથી તેની જાહેરાત કરવાની રહેશે. ખોટી માહિતી આપનારને યોજનાનો લાભ મળશે નહી.**

આથી સમાજ સુરક્ષા યોજના ના સર્વે સભ્યોને જણાવવાનું કે, **સને ૨૦૧૭-૧૮ ના વર્ષની વાર્ષિક ફાળાની રકમ રૂા-૧૭૫.૦૦(સભ્ય દીઠ) તા.૧.૪.૨૦૧૭ થી તા.૩૧.૫.૨૦૧૭ દરમ્યાન સમાજ સુરક્ષા યોજનાના મંત્રી શ્રી નવિનભાઈ સી. પંચોલી ને નીચે જણાવેલ સરનામા પર ફકત રોકડા અથવા 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C સમાજ સુરક્ષા યોજના' ના નામ નો ફકત રાષ્ટ્રીયકૃત બેંકના ડિમાન્ડ ડ્રાફ્ટ થી મોકલવા વિનંતી છે. સભ્યશ્રીઓ એ પોતાનો સભ્ય નંબર અવશ્ય જણાવવો. કુટુંબદીઠ એક જ રસીદ બનાવવામાં આવતી હોવાથી ફાળાની રકમ કુટુંબદીઠ મોકલવા વિનંતી છે**. સાથે સમાજના આ યોજનામાં જોડાવવા માટે બાકી રહેલ જ્ઞાતિજનો ને વિનંતી કરવામાં આવે છે કે, આ સાથે ફોર્મ સામેલ છે તો તમો પણ આ યોજનામાં જોડાય સમાજ સેવાના આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા વિનંતી કરવામાં આવે છે. દરેક એકમના પ્રમુખશ્રીઓ તથા મંત્રીશ્રીઓને પણ વિનંતી કરવામાં આવે છે કે આપના એકમના જે જ્ઞાતિજનો આ યોજનામાં જોડાવાના બાકી છે તેવા જ્ઞાતિજનો ને આ યોજનામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

વધુમાં આ યોજના હેઠળ આજીવન સભ્ય તરીકે જોડાયેલ છે. તેઓના ૨૦ વર્ષ પુરા થયેલ હોવા છતાં તે સભ્ય અમેરીકા જતા રહ્યા હોય વાર્ષિક ફાળો ભરવામાં ખોટી દલીલ કરવામાં આવે છે..તે માટે આજીવન સભ્યએ ૨૦ વર્ષ પછી વાર્ષિક ફાળો ભરવા બાબતે માર્ચ-૨૦૧૫ના પંચોલી નવયુગમાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે. તેમ છતાં જે સભ્યો આયોજનના હેઠળ ચાલુ રહેવા ન ઈચ્છતા હોય તેમણે અરજી કરવાથી વાર્ષિક ફાળાની રકમ પરત કરવામાં આવશે જે સભ્ય ત્રણ વર્ષથી વાર્ષિક ફાળો ભરતા નથી તેઓનું બંધારણ મુજબ સભ્યપદ રદ થયેલ છે. જેથી મૃત્યુ સમયે આ યોજનાના નાણાં મેળવવા હકકદાર ગણાશે નહીં.

**નવિનભાઈ વિ. પંચોલી-અધ્યક્ષ**
**નવિનભાઈ સી. પંચોલી-મંત્રી**
**રાજેશભાઈ પી. ગાંધી-સહમંત્રી**

નવયુગ શુભેચ્છિંતક શ્રી રમણલાલ છોટાલાલ પંચોલી છોટાઉદેપુર શ્રી ઓચ્છવલાલ ચીમનલાલ પંચોલી છોટાઉદેપુર

સમાજ સુરક્ષા યોજના
તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822/ભરૂચ

# પંચોલી સેવા સમાજ મહામંડળ
# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના
# સને ૨૦૧૭-૧૮

નામ :

અટક નામ પિતા/પતિનું નામ

જન્મ તારીખ :.........................

પત્ર વહેવારનું સરનામું.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

પીનકોડ.................................ફોન : (ઘર) .............................. (ઓ) ..............................

મો : ................................................................ ઈમેલ : ................................................

અરજી વખતે કોઇ બીમારીની માહિતી.......................................................................................

આ સાથે દાખલ ફી રૂ......................+ વાર્ષિક ફાળાની રકમરૂ. ૧૫૦/-

કુલ રકમ............................................. રોકડા/મ.ઓ./ડ્રાફ્ટ થી મોકલ્યાં છે.

મારા મૃત્યુ પછી સહાય નીચેના વારસદારને મળે તેવી વિનંતી છે.

વારસદારનું નામ :...........................................................................................................

૧. આથી હું જાહેર કરું છુ કે સભ્ય થતી વખતે મને હૃદયની બીમારી, કીડનીની બીમારી, કેન્સર,બાયપાસ, એઇડ્સ કે અન્ય ગંભીર બીમારી નથી

૨. સમાજ સુરક્ષાના પાછળ મુજબના નિયમો મેં વાંચ્યા છે. અને તે મને કબૂલ મંજૂર છે.

૩. જે વ્યકિત આ યોજનામાં દાખલ થતા એક વર્ષની અંદર મૃત્યુ પામે તો નિયમ મુજબ વિમાની રકમ મળવા પાત્ર નથી.

સભ્યની સહી...........................................

| ઉંમર | દાખલ ફી | વાર્ષિક ફાળો |
|---|---|---|
| ૩ થી ૧૦ વર્ષ સુધી | ભરવાના નથી | + ૧૭૫ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૧૧ થી ૨૦ વર્ષ સુધી | ૩૦૦ | + ૧૭૫ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૨૦ વર્ષ કે તેથી વધુ ૩૦ વર્ષ અંદર | ૮૦૦ | + ૧૭૫ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૩૦ વર્ષ કે તેથી વધુ ૪૦ વર્ષ અંદર | ૧,૨૦૦ | + ૧૭૫ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૦ વર્ષ કે તેથી વધુ ૪૫ વર્ષ અંદર | ૨,૦૦૦ | + ૧૭૫ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૫ વર્ષ કે તેથી વધુ ૫૦ વર્ષ સુધી | ૫,૦૦૦ | + ૧૭૫ (મૃત્યુ દર પ્રમાણે) |

ઉંમરનો પૂરાવો, જન્મ તારીખનો દાખલો, સ્કુલ સર્ટીફીકેટ અથવા આ બન્ને ઉપલબ્ધ ન હોય તો એફીડેવીટ સ્વીકારવામાં આવશે.

નોંધ : ફાળાની રકમ રોકડા,M/o.અથવાડીમાન્ડ ડ્રાફ્ટથી મોકલવી. ડ્રાફ્ટ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળA/c.શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના ના નામે મોકલવાના રહેશે.

**આ યોજનાની ઓફીસનું સરનામું**

**અધ્યક્ષ**
**નવીનચંદ્ર વિ. પંચોલી**
કોટ, દેસાઇ ફળીયુ
વ્યારા-૩૯૪ ૬૫૦ જિ. તાપી
મો : ૯૮૭૯૩ ૫૧૦૧૦

**મંત્રી**
**શ્રી નવિનચંદ્ર ચુનીલાલ પંચોલી**
૪૫, રામકબીર નગર, સ્ટેશનરોડ,
વ્યારા-૩૯૪ ૬૫૦ જિ. તાપી
ફોન : ૦૨૬૨૬ - ૨૨૨૪૭૨ મો. ૦૯૯૯૮૭ ૭૮૦૮૯

**સહમંત્રી**
**રાજેશભાઈ પી. ગાંધી**
મહાદેવનગર, હરીનગર-૨
ની પાછળ, ઉધના, સુરત
મો: ૯૮૨૫૨ ૧૩૦૯૨

**જરૂર પડેથી અરજીપત્રકની ઝેરોક્ષ કઢાવી શકાશે.**

**દેના બેંક વ્યારા એકાઉન્ટ નંબર - 120110024122**
**પંજાબ નેશનલ બેંક વ્યારા એકાઉન્ટ નંબર - 6698000100030418**

# પ્રમોશન...??

શ્રી અમૃતભાઇ સી. પંચોલી-અધીર-મુંબઇ

લેખક : ઓહ નમસ્તે.. આપ સર્વે આવી પહોંચ્યા.. આભાર મને તો આપ ઓળખો છો ?

હું લેખક - કવિ - કલાકાર આમ તો તમે મારી વાર્તાઓ કવિતાઓ વાંચતા જ હશો ? આમ તો હું પ્રખ્યાત તો નથી પરંતુ જાણીતો છું. અને બીજુ કરી પણ શું શકુ, કારણ લેખક સિવાય બીજો મારો કોઇ બીઝનેશ પણ નથી. એ પણ મારા પરમ પૂજ્ય પિતાશ્રીની મહેરબાની, જો એ મારે માટે ધન-દૌલત ન મુકી ગયા હોત તો આજે હું કયાં હોત ? જવાદો એ વાત. મારા લેખો, કવિતાઓ લખાય છે ને વંચાય પણ છે (અને એના પુસ્તકો પણ છપાય છે મારા ખર્ચે) અને જયારે એ વિશે જનતા જનાર્દન પાસે ખાસ અભિપ્રાય મંગાવું છું ત્યારે ઘણા લખી જણાવે છે કે સારૂં લખો છો ? ફલાણું પુસ્તક તમારા પુસ્તક કરતા સારું છે.(એટલે મારું પુસ્તક ખરાબ) અને વળી ઘણાં લખે છે કે હવે લખવાનું કયારે બંધ કરશો ? અને કોઇ તો એના પૈસા પરત પણ માંગે છે. છતાં હું હજી નકકી નથી કરી શકયો કે લોક સાચા છે કે હું ? છતાંએ હું પુસ્તક છપાએ જાવ છું. મારા ખર્ચે..હં...હં..સૉરી .. સૉરી તમે શાંતિ રાખો આપણી વાત કરતાં મને સરસ આઇડીયા.. એક વાર્તાનો આવ્યો છે.. હું લખી લઉં.

આપણે ત્યાં નાટકનો પ્રથમ પ્રયોગ હોય ત્યારે ઘણા લોકો ફ્રી પાસમાં જોવા ઉમટી પડે.. અને અમે કંઇક છે એમ દેખાડો કરતા દર-દાગીનાથી લથબથ થતા દેખાય છે. અમારી પ્રેસ્ટીજ છે. મોંઘાભાવની ટીકીટ ખરીદી હોય તેમ.. અને એમાં આપણાં ભાઇ ઓફિસમાં કારકુન. પણ સદા સારી ટીકીટ ખર્ચી પ્રથમ શૉમાં આવે જુઓ એના મો પર કેવી આનંદની લાલી છે. ને પત્નીને આગળ કરતાં પ્રવેશે છે. અને નશીબ જોગે આગળની સીટ પર એની ઓફિસના ઓફિસર જે એના વૉર્ડના હોય. પત્ની સાથે બેસે છે ને આપણાં આ મનસુખની બરાબર આગળની સીટ પર.. અને મનસુખ મનોમન મલકાય છે. આગલી સીટ પર બીરાજેલા જોઇ મનોમન ખુશ થઇ જાય છે. (એકદમ ઉછળીને) સાહેબ... ગુડ આફટર નુન. કેમ છો સાહેબ ? ઓળખાણ પડે છે ને સાહેબ ? શું સરસ મોસમ છે. તમો પણ નાટક જોવા આવ્યા છો ? મઝા આવી નહી ! (વાંસે ધબ્બો મારતા) એકદમ હેબતાય જઇ પાછળ જોઇ હં...હં.. હા નાટક જોવા પણ તમો કોણ ? ( અને પત્નીએ ઇશારો કરતા કોણ છે.. કોણ જાણે...) તે તમો ઓળખ્યા નહીં. અરે સાહેબ તમે મને ન ઓળખ્યો ? હું તમારી ઓફિસમાં એકાઉન્ટન્ટ છું ને સાહેબ આ મારી એક ના એક પત્ની ! અરે.. સાહેબ તમે સાવ ભુલકણાં છો ? હું તમારા ખાતાનો... મી. મનસુખ. આ મારી પત્ની.. પત્ની ને કહે છે કે આ છે અમારા સાહેબના અને એમના સગા પત્ની. (સાહેબની પત્ની) નમસ્તે.. અને પતિ તરફ જોઇ ઇશારાથી ચૂપ રહેવા કહ્યું.

સાહેબ નાટક ખુબ સરસ છે નૈ. એકટરો પણ સારા છે.. અને આ સંસ્થા પણ જાણીતી છે કેમ ? સાહેબ બોલ્યા નહીં.

આહા... સરસ એટલે જ જોવા આવ્યો છું. એટલામાં પાછળથી ચૂપ રહોનો અવાજ આવતા શાંત થઇ જાય છે. અને એકાએક મનસુખ ડોળા ચઠાવી ચકળવકળ થઇ જાય છે ને કાંઇ સમજે તે પહેલાં એટમ બૉમ્બ ફૂટયો હોય તેમ જોરદાર છીંક ખાય છે.. આંક...છીક.. અરે સાહેબ માફ કરજો. પત્નીએ રૂમાલ કાઢી કોટ સાફ કર્યો. ઇડીયેટ. કોણ જાણે કયાંથી ચાલ્યા આવે છે. ગુસ્સે થતાં બોલ્યા.

એકદમ નરવશ થઇ સાહેબ મને માફ કરો..

આ ઓચીંતી છીંકથી મનસુખને પ્રમોશનની આવેલી તક આમ છીનવાઇ જતી જોઇ. સાહેબની નજરમાં ઉતરી ન પડવા ફરી માફી માંગે છે....

સાહેબ મને માફ કરશો.. સાહેબ મને માફ કર્યુ ને.. સાહેબ મને માફ કરો..(આમ આજીજી કરે છે. ત્યાં થીયેટરમાં ત્રીજી ઘંટડી વાગે છે અને નાટક શરૂ થાય છે. અને નાટક પુરુ થયે પ્રેક્ષકો બહાર નીકળે છે..

સાહેબ પત્નીને કહે અંધારું થઇ ગયું. વરસાદ શરૂ થઇ ગયો.. હવે શું કરશું ? ત્યાં ફરી વાંસે કોઇએ ધબધબાવ્યો.. (ગુસ્સાથી સાહેબ ફરીને જુએ છે.) સાહેબ આતો હું.. આપની પાછળ બેઠો હતો તે.. આપની ઓફિસનો.. સાહેબે બોલતા અટકાવી પૂછયું. તને શું છે ? સાહેબ મને કહોને ? હશે મારે શું.. કહી સાહેબ ચાલ્યા જાય છે.(મનસુખ રાત્રે જમીને બેડ પર સુવા જાય છે. પણ પ્રમોશનની અધૂરીવાત એને કેમે કરી સુવા દેતી નથી. અને એકાએક નીંદર દેવીએ સ્થાન લીધું.(બીજે દિને ઓફિસમાં દાખલ થતાં હાંક...છીંક... કરતાં છીંક ખાધી. ને મનોમન બબડયો. માફ ન કર્યો તો શું આપણે એના થકી દબાયેલા છીએ.. સાહેબ હોય તો એના ઘરનાં.. જમાનો બદલાયો છે.. એ ભુલી ગયા લાગે છે. હર એક માનવી સરખા. એના મનમાં સમજે છે શું ? આજે તો સાહેબ પાસે ખુલાસો માંગીને જ જંપીશ. પણ વૉર્ડ ઓફિસર સવારથી જ જનતાની ફરીયાદો સાંભળતા સાંભળતા જવાબ આપી થાકી ગયા અને મનસુખનો છેક સાંજે નંબર લાગ્યો. યસ નેકસ્ટ.. નેકસ્ટ નેકસ્ટ કોઇ નથી પણ હું છું.

અનુસંધાન પેજ નં. ૧૫ પર

# સંસ્થા સમાચાર

**શ્રી પંચોલી સમાજ, વડોદરા**

શ્રી પંચોલી સમાજ વડોદરાની મિટિંગ તા. ૦૫.૦૩.૧૭ના રોજ પ્રમુખશ્રી પદ્માકાંતભાઇ એમ. પંચોલીના નિવાસ સ્થાને મળી. જેમાં વાર્ષિક સમારંભ બે વર્ષ (૨૦૧૬-૨૦૧૭)નો સાથે કરવાનું સર્વ સંમતિથી નક્કી કરવામાં આવ્યું. જેમાં ૬૦ અને ૭૫ વર્ષનાં સભ્યોનું સન્માન કરવું અને ઓક્ટોબર/નવેમ્બર ૧૭માં કાર્યક્રમ રાખવાનુ નક્કી કરેલ છે. પંચોલી સમાજ વડોદરાની ટીમ આઠ ટીમોમા રનર્સ અપ આવી તે બદલ તેઓનું અભિવાદન કરવામાં આવ્યું. ક્રિકેટ ટીમનો સમગ્ર ખર્ચ (ટ્રેક સુટ, ટ્રાવેલીંગ, ભોજન)વિ. સાથેનો સમાજ તરફથી આપવો અમ નક્કી કરેલ. સુરત ખાતે ઉડાન-૨૦૧૭ કાર્યક્રમમાં વડોદરાના પાર્થ પંચોલીએ બાસુરીવાદન કરી ભાગ લીધેલ તેઓને બિરદાવેલ. અને કાનન ડિમ્પલ પંચોલીને ડ્રેસીંગ ડાન્સ લેમ્પ ડેસ્ટીનેશનમાં પ્રથમ આવવા બદલ અભિનંદન પાઠવેલ. મહામંડળ તરફથી વિધવા બહેન, ભાવનાબેન સતિષચંદ્ર પંચોલીને સિલાઇ મશીન આપવા બદલ મહામંડળનો આભાર વ્યકત કરવામાં આવેલ. તબીબી સહાય વિષેની માહિતી શ્રીમતિ પદ્માબેન તરફથી આપવામાં આવી. શ્રી પંચોલી સમાજ વડોદરાની વેબસાઇટ શરૂ કરવાની હોવાથી તે વિષેની સંપૂર્ણ માહિતી શ્રી હેમંતભાઇ પંચોલી દ્વારા આપવામાં આવી જે ટુંક સમયમાં શરૂ કરવા જઇ રહ્યા છીએ તેના ખર્ચ પેટે નીચે મુજબનું દાન મળેલ છે.. અંતમાં સુરૂચિ ભોજન સાથે સભાની પૂર્ણાહૂતિ કરી.

૫૦૦ સ્વ. અરવિંદભાઇના સ્મરણાર્થે રશ્મિકાબેન અરવિંદભાઇ પંચોલી

૧૫૦ ભરતભાઇ જી. પંચોલી-યુવા પ્રવૃતિ પ્રોત્સાહિત ભેટ

વેબ સાઇટ

૧૦૦૦ સુરેખાબેન બી. પંચોલી
૧૦૦૦ પદ્માબેન આર. પંચોલી
૧૦૦૦ હરીશકુમાર એમ. પંચોલી
૧૦૦૦ પદ્માકાંત એમ. પંચોલી
૨૫૦ બિપીનભાઇ બી. પંચોલી
૨૫૦ પંકજભાઇ કે. પંચોલી
૨૫૦ અશ્વિનભાઇ એમ. પંચોલી
૫૦૦ નારણભાઇ ઓ. પંચોલી
૧૦૦૦ અશ્વિનભાઇ એસ. પંચોલી
૨૫૦ નટવરભાઇ એમ. પંચોલી
૧૦૦૦ મધુસુદનભાઇ સી. પંચોલી
૧૦૦૦ દેવાંગ પી. પંચોલી
૫૦૦ દિપ્લેશ આર. પંચોલી

વિશેષ ભેટ

૧૦૧ શ્રી પનસલાલ માફતલાલ પંચોલી

૧૦૦ ભાટપુર નિવાસી સુશીલાબેન નગીનદાસ પંચોલી તરફથી ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે

૨૫૦ શ્રી મધુસુદનભાઇ રમણલાલ પંચોલી તરફથી પુત્ર શાશ્વતના શુભલગ્ન પ્રસંગ નિમિત્તે..

**શ્રી પંચોલી સમાજ, સંખેડા**

પંચોલી સમાજ-સંખેડા (પાલ વિભાગ) વાડી બાંધકામ માં નીચે મુજબનું દાન મળ્યું.

રૂા. ૧,૧૧,૧૧૧/- અ.સૌ. વિણાબેન કિશનભાઇ પંચોલી પરિવાર સંખેડા

રૂા. ૫૧,૦૦૦/- ચંપાબેન શૈલેષકુમાર પંચોલી પરિવાર-સંખેડા

રૂા. ૫૧,૦૦૦/- પ્રકાશકુમાર ડાહ્યાભાઇ પંચોલી પરિવાર સંખેડા

દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર...

**શ્રી પંચોલી સમાજ, અમદાવાદ**

હરિઃૐ સત્સંગ મંડળ અમદાવાદના ઉપક્રમે પૂ.શ્રી મોટા જીવન-કવન વકતૃત્વ સ્પર્ધા, ગાંધીનગર, દેલવાડાની પ્રાથમિક શાળામાં યોજાઇ.. ૪૦ જેટલા સ્પર્ધક રહ્યા. ઉત્તિર્ણને ઇનામ વિતરણ અને મુખ્ય મહેમાન શ્રી જય પંચોલીએ સુંદર ઉદ્બોધન કર્યુ...

# મહિલા સમાચાર

**તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા**

તા. ૭.૩.૨૦૧૭ના રોજ શ્રીમતિ આનંદીબેન પંચોલીના નિવાસ સ્થાન મકરપુરા વડોદરા ખાતે તેજસ્વીની મહિલા મંડળની એક મિટિંગ મળી. સૌ બહેનોનું હોળી નિમિત્તે ગુલાલથી તીલક કરી સ્વાગત કરી આવકાર્યા. શ્રીમતિ આનંદીબેને ગણેશ વંદના અને હોળી ગીત ગાઈને મિટિંગની શરૂઆત કરી.. અને હોળી પર્વનું મહાત્મય સમજાવ્યું. મંત્રી સપનાબેને ગત મિટિંગના અહેવાલનું વાંચન કર્યુ. સૌ બહેનોને ઠંડી મીઠી લસ્સી પીવડાવી..લકી ડ્રો કરવામાં આવ્યો.. જેમાં પ્રીતિબેન મપારા લકી બન્યા.

આનંદીબેને ગેમ રમાડી.. પ્રથમ ગેમના વિજેતા પ્રથમ શ્રીમતિ શીલાબેન અને દ્વિતીય જયોતીબેન એસ. તથા બીજી ગેમના વિજેતા પ્રથમ બીનાબેન અને દ્વિતીય સપનાબેન રહ્યા. વિજેતા બહેનોને ઇનામ આપી નવાજયા. ત્યારબાદ હોળી-ધૂળેટી મહોત્સવ આવતો હોવાથી ધુળેટી રમ્યાં અને ખજૂર કોપરાનો પ્રસાદ આરોગ્યો. અંતમાં હાઉસી રમ્યા.. ત્યારબાદ પ્રીતિ ભોજનને ન્યાય આપ્યો. એપ્રિલ માસની મિટિંગ નીમાબેનને ત્યાં રાખવાનું નકકી કરી આનંદીબેનનો આભાર માની સૌ છુટા પડયા.

**પંચોલી ભગીની સમાજ-રાજપીપલા**

તા. ૯.૧.૨૦૧૭ના રોજ શ્રીમતિ સ્મિતાબેન સાધશરણ પંચોલીના ઘરે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. દરેક સભ્યોનું વેલકમ ડ્રિંકસથી સ્વાગત કરવામાં આવ્યુ.

રાજપીપલા નિવાસી અને અમેરીકા રહેતા શ્રી ચંદુભાઇ સોમાભાઇનું અવસાન થતાં બે મિનિટ મૌન પાળી સદગતના આત્માને શાંતિ મળે એ માટે પ્રાર્થના કરી..

સ્મિતાબેને જનરલ નોલેજની ગેમ રમાડી. જેમાં ગીતાબેન, નયનાબેન તથા રેખાબેન વિજેતા થયા. બીજી ગેમ રમાડી જેના વિજેતા હિનાબેન, દક્ષાબેન, પૂર્ણિમાબેન વિજેતા થયા અને એમને ઇનામોથી નવાજયા.. હાઉસી રમ્યા. સ્મિતાબેન તરફથી સ્વાદિષ્ટ ગુજરાતી ભોજન કરાવ્યું કમિટિ વતી રેખાબેને સ્મિતાબેનનો આભાર માની હવે પછીની મિટિંગ પોતાને ત્યાં રાખવાનું નકકી કર્યુ અને સૌને ભાવભીનું આમંત્રણ પાઠવ્યું.

તા. ૨૩.૨.૧૭ના રોજ શ્રીમતિ રેખાબેન રમેશભાઇ પંચોલીને ત્યાં પંચોલી ભગીની સમાજની મિટિંગ મળી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ વેલકમ ડ્રીંકસથી સ્વાગત કર્યુ.

શ્રી મનહરભાઇ ગોવિંદભાઇનું અવસાન થતા બે મિનિટ મૌન પાળી એમના આત્માને શાંતિ અર્થે મૌન પાળી શ્રદ્ધાંજલી આપી.

રેખાબેને જનરલ નોલેજની ગેમ રમાડી. જેના વિજેતા ચંપાબેન, ગીતાબેન તથા જયશ્રીબેન વિજેતા થયા. બીજી વન મિનિટ ગેમના વિજેતા દક્ષાબેન, રેખાબેન, ગીતાબેન, ઉષાબેન, અનસુયાબેન, જયશ્રીબેન વિજેતા થયા. અને હાઉસી પણ રમ્યા. વિજેતાઓને ઇનામો આપી નવાજયા.

મિટિંગના અંતે રાજસ્થાની ભોજન દાલ બાટી નું કરાવ્યું. આગામી મિટિંગ પૂર્ણિમાબેન ગોવિંદભાઇ મપારાને ત્યાં રાખવાનું નકકી કરી છુટા પડ્યા.

૧૫૧ પૂર્ણિમાબેન મપારા તરફથી પૌત્ર આરવની બાબરી નિમિત્તે.

૫૦ દક્ષાબેન તરફથી વર્ષગાંઠ નિમિત્તે.

૫૦ ગીતાબેન તરફથી ભેટ

૫૦ ચંપાબેન તરફથી ભેટ.

મેડીકલ સહાય

# અનુકરણિય

શૈક્ષણિક સહાય

**લેસ્ટરના સ્વ. અંબેલાલ ઝીણાભાઈ પંચોલી, સ્વ. મણીબેન અંબેલાલ પંચોલી**
**તથા સ્વ. કાંતિભાઈ અંબેલાલ પંચોલી**ના સ્મરણાર્થે
**રૂા. ૨૫,૧૦૧ તબીબી સહાય માં અને રૂા. ૨૫,૧૦૧ શૈક્ષણિક સહાય**માં
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને માતબરદાન આપ્યું છે.... હસ્તે : અશોકભાઇ પંચોલી-લેસ્ટર

**મેડિકલ વ્યાજ વપરાશ**

| | |
|---|---|
| | ૨,૫૨,૨૫૧.૦૦ |
| એપ્રિલ-૧૨માં આપ્યા | ૨૫,૨૭૫.૦૦ |
| | ૨,૭૭,૫૨૬.૦૦ |
| હાલ મળ્યા | ૨૫,૧૦૧.૦૦ |
| | **કુલ ૩,૦૨, ૬૨૭.૦૦** |

**શૈક્ષણિક વ્યાજ વપરાશ**

| | |
|---|---|
| | ૫૧,૦૦૦.૦૦ |
| એપ્રિલ-૧૨માં આપ્યા | ૨૫,૨૭૫.૦૦ |
| | ૭૬,૨૭૫.૦૦ |
| હાલ મળ્યા | ૨૫,૫૦૧.૦૦ |
| | **કુલ ૧,૦૧,૩૭૬.૦૦** |

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દાતાશ્રીનો આભાર વ્યકત કરે છે......
શ્રી મનિષભાઇ એમ પંચોલી-પ્રમુખ
શ્રી રાજેશભાઇ ડી. પંચોલી-મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ



## ગોલ્ડન જયુબીલી મેરેજ એનીવર્સરી

સુરત(બીલીમોરા) નિવાસી શ્રી જીતેન્દ્રભાઇ સી. પંચોલી અ.સૌ. ઉષાબેન જે. પંચોલી તા. ૧૪.૦૨.૨૦૧૭ના રોજ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરે છે...
સમગ્ર પંચોલી સમાજ લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...
એમના તરફથી લગ્નજીવનની સુવર્ણ જયંતિ નિમિત્તે પંચોલી નવયુગને રૂા. ૧૭૦૦ ભેટ મળ્યા છે........ આભાર તંત્રીશ્રી

## હેપી બર્થડે...



ચિ. પર્વ નિરવકુમાર
પંચોલી-ડેડીયાપાડા
તા. ૧૭.૦૩.૨૦૧૪



ચિ. નિષ્કા કૃણાલકુમાર
મિસ્ત્રી-બીલીમોરા
તા. ૯.૦૪.૨૦૧૫




ચિ. આધ્યા જતીનભાઇ
પંચોલી-વ્યારા
તા. ૧૧.૦૪.૨૦૧૩



ચિ. સીયા રાકેશભાઇ
પંચોલી-સંખેડા
તા. ૧૭.૦૪.૨૦૧૨

# એક વાર જાવુ હરિના ધામમાં



શિનોર નિવાસી બળદેવભાઇ વલ્લભદાસ પંચોલી (રાધાસ્વામી) તા. ૧૫.૦૨..૨૦૧૭ ના રોજ હરિના ધામમાં ગયા. ઉ.વ. ૮૨



મુંબઇ નિવાસી સુરેશભાઇ ચુનીલાલ મિસ્ત્રી તા. ૦૮.૦૨.૨૦૧૭ ના રોજ હરિના ધામમાં ગયા. ઉ.વ. ૭૩



નવસારી નિવાસી કાન્તિલાલ ગાંડાભાઇ મોદી તા. ૧૪.૦૩. ૨૦૧૭ના રોજ હરિના ધામમાં ગયા. ઉ.વ. ૮૮

મુંબઇ કાંદીવલી નિવાસી જયંતભાઇ રણછોડજી મહેતા (ભીખુભાઇ માસ્તર) તા.૧૬.૦૩.૨૦૧૭ના રોજ હરિના ધામમાં ગયા. ઉ.વ. ૮૮

અડાજણ (સુરત) નિવાસી ગં.સ્વ. સુમિત્રાબેન દશરથભાઇ ઝવેરી તા. ૩૦.૧.૨૦૧૭ના રોજ હરિના ધામમાં ગયા.

# સુચના

હવેથી નીચે આપેલ ઈમેલ પર મેલ કરવા

**: Email :**

**pancholinavyug@gmail.com**

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.

**02690100010065 IFC**

**Code BARBOVYARAX**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

**SB 014710003655 IFSC**

**code BKDN0210147**

માં જમા કરાવો અને

**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર


શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત
સ્વયં સુરત દ્વારા આયોજીત
સમાજપિતા સ્વ. છગનલાલ ત્રી. મિસ્ત્રી તથા સ્વ. લલિતાબેન સી. મિસ્ત્રી
સ્મૃતિ દ્વિતીય યુવા અધિવેશન, તારીખ: ૧૯-૦૨-૨૦૧૭
(હ:ભારતીબેન તથા હેમંતભાઈ છગનલાલ મિસ્ત્રી, સુરત)


શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત
સ્વયં સુરત દ્વારા આયોજીત
સમાજપિતા સ્વ. છગનલાલ ત્રી. મિસ્ત્રી તથા સ્વ. લલિતાબેન સી. મિસ્ત્રી
સ્મૃતિ દ્વિતીય યુવા અધિવેશન, તારીખ: ૧૯-૦૨-૨૦૧૭
(હ:ભારતીબેન તથા હેમંતભાઈ છગનલાલ મિસ્ત્રી, સુરત)






SWAYAM
SURAT
2017







# ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૧૦૧/- ખડસુપા નિવાસી શ્રી નવિનચંદ્ર મિસ્ત્રી તરફથી ધર્મપત્ની અ.સૌ. સ્વ. કલ્પનાબેનની બીજી પૂણ્યતિથિ નિમિત્તે.

રૂા. ૧૦૧/- ખડસુપા નિવાસી શ્રી નવિનચંદ્ર મિસ્ત્રી તરફથી પુત્ર કૌશલ સરપંચ તરીકે ચૂંટાયા તે નિમિત્તે.


રૂા. ૨૫૧/- સુરત નિવાસી શ્રી ભોગીલાલ નગીનદાસ પંચોલી તરફથી ધર્મપત્ની અ.સૌ. ધનગૌરી બેનની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે...

રૂા. ૧૦૧/- ડેડીયાપાડા નિવાસી શ્રી નરેશભાઇ જેઠાલાલ પંચોલી તરફથી પૌત્ર પર્વની ત્રીજી વર્ષગાંઠ નિમિત્તે...

રૂા. ૨૫૦/- વડોદરા નિવાસી શ્રી મધુસુદનભાઇ રમણલાલ પંચોલી તરફથી પુત્ર શીશ્વતના શુભલગ્ન પ્રસંગ નિમિત્તે..

રૂમા. ૨૫૦/- વડોદરા નિવાસી સ્વ. અરવિંદભાઇના સ્મરણાર્થે.. ધર્મપત્નિ ગં.સ્વ. રશ્મિકાબેન અરવિંદભાઇ પંચોલી તરફથી

## કુર્યાત સદા મંગલમ્



કવાંટ નિવાસી મંજુલાબેન તથા શ્રી વિનોદભાઇ અંબાલાલ પંચોલીના સુપુત્ર ચિ. જયદીપના શુભ લગ્ન રાજપીપલા નિવાસી શ્રીમતિ વર્ષાબેન તથા શ્રી હસમુખભાઇ બળદેવદાસ પંચોલીની સુપુત્રી ચિ. દર્શના સાથે તા. ૧.૧૨.૨૦૧૬ના રોજ થયા.

## આપણું ગૌરવ



ખડસુપા નિવાસી શ્રી નવિનચંદ્ર મિસ્ત્રી તરફથી પુત્ર કૌશલકુમાર સરપંચ તરીકે ચૂંટાયને ગામનું, સમાજનું અને કુટુંબીજનોનું ગૌરવ વધાર્યુ છે.. સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે..

નવયુગ શુભેચિંતક  શ્રી સંજીવ પંચોલી  વડોદરા  શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી  વડોદરા

**Book-Post**

**Printed Book**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**